પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૨૨ | ૧૨ જુલાઈ, ૨૦૧૭, બુધવાર ; અષાઢ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આતંકી હુમલાના પગલે દેશભરમાં હાઈ એલર્ટ

**તમામ સુરક્ષા એજન્સી એલર્ટ પર મુકાઇ : યુપીમાં કાવડ યાત્રા ઉપર નિકળેલા શ્રદ્ધાળુઓની સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી : ઉચ્ચસ્તરીય બેઠકો યોજાઇ**



નવી દિલ્હી,તા. ૧૧

અમરનાથ યાત્રા પર ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ સુરક્ષા વ્યવસ્થા મજબુત કરી દેવામાં આવી છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. હુમલા બાદ દેશભરમાં હાઈ એલર્ટની જાહેરાત પણ કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશમાં કાંવડ યાત્રા પર નિકળેલા શ્રદ્ધાળુઓની સુરક્ષા મજબુત કરવા માટેની સુચના પણ જારી કરવામાંઆવી છે. બીજી બાજુ દિલ્હીમાં બેઠકોનો દોર શરૂ થયો છે. કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથ સિંહે મોટી સુરક્ષા બેઠક બોલાવી છે. અમરનાથ શ્રદ્ધાળુઓ પર ગઈકાલે હુમલો કરવામાં આવ્યો હતો. એ વખતે તેઓ દર્શન કરીને પરત ફરી રહ્યા હતા. દેશભરમાં તમામ ધાર્મિક સ્થળો પર સુરક્ષા મજબુત કરવામાં આવી છે. અમરનાથ શ્રદ્ધાળુઓ પર હુમલો કરવામાં આવ્યા બાદ દેશના લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. દેશના લોકો ત્રાસવાદીઓ સામે નિર્ણાયક કાર્યવાહીની માંગ કરી રોષ વ્યક્ત કરી રહ્યા છે. દેશના તમામ મોટા શહેરોમાં સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવી રહી છે. ધાર્મિક સ્થળો, મોટા સ્ટેશનો, મોટા બજારો અને અન્ય તમામ સ્થળો ઉપર સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી રહી છે. ધાર્મિક સ્થળો ઉપર હજારોની સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવી રહ્યા છે. ઈન્ટેલીજન્સ અહેવાલ પહેલાથી

● અનુસંધાન પાન-૭ પર

## શ્રદ્ધાળુ પર હુમલામાં ઈસ્માઈલની સંડોવણી

**લશ્કરે તોઇબા દ્વારા ભીષણ હુમલો કરાયો : બટેંગુમાં પહેલા પોલીસ બંકર ઉપર અને ત્યારબાદ બસ પર હુમલો**

નવી દિલ્હી,તા. ૧૧

અમરનાથ યાત્રીઓ પર હુમલાની યોજના ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબા દ્વારા રચવામાં આવી હતી. પાકિસ્તાની માસ્ટરમાઈન્ડ ઈસ્માઈલ આ હુમલામાં મુખ્ય ભેજાબાજ તરીકે રહ્યો છે. જમ્મુ કાશ્મીરના ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ મુનીર ખાને આજે આ અંગેની માહિતી આપી હતી. પોલીસ સુત્રોનું કહવું છે કે, આતંકવાદીઓએ પહેલા બટેંગુમાં પોલીસ બંકર ઉપર હુમલો કર્યો હતો. ગોળીબારનો વળતો જવાબ આપવામાં આવ્યો હતો પરંતુ આમા ઈજાના કોઈ સમાચાર મળ્યા ન હતા ત્યારબાદ બસ ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. આજે વિશ્વ હિન્દુ પરિષદ, જમ્મુકાશ્મીર નેશનલ કોન્ફરન્સ પાર્ટી, નેશનલ કોન્ફરન્સ, કોંગ્રેસે જમ્મુમાં આ હુમલા સામેના વિરોધમાં બંધની હાકલ કરી હતી. જમ્મુ કાશ્મીરના જુદા જુદા ભાગોમાં હિંસક વિરોધ પ્રદર્શન કરાયો હતો. હુમલાને લઈને લોકોની નારાજગી સ્પષ્ટપણે દેખાઈ આવી હતી. અમરનાથ શ્રદ્ધાળુ પર હુમલાના વિરોધમાં જમ્મુ ડિવિઝનમાં વ્યાપક દેખાવો થયા હતા. જમ્મુ, ઉધમપુર, કથુઆ અને સાંબા જિલ્લામાં અનેક સ્થળો ઉપર હાઈવે ઉપર નાકાબંધી કરવામાં આવી હતી. જુદા જુદા પક્ષો આમા જોડાયા હતા. જમ્મુ કાશ્મીર સરકારે આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા અમરનાથ શ્રદ્ધાળુઓ પૈકી દરેકના પરિવારને છ-છ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.



## જો બસ ઉભી રાખી હોત તો કોઈ ના બચત : સલીમ

**સલીમે દિલધડક ઘટનાક્રમ અંગે માહિતી આપી : યાત્રિકોના જીવ બચાવ્યાનો તેને ગર્વ પરંતુ જે સાત જણાં હુમલામાં માર્યા ગયા તેનું દુઃખ અને રંજ પણ છે : ડ્રાઇવર**

અમદાવાદ, તા.૧૧

આંતકવાદીઓની ગોળી મારા માથા પાસેથી પસાર થઈ ત્યારે કંઈ સમજાયુ જ નહી, આંતકવાદીઓનો હુમલો જોઈ હું ગભરાઈ ચોક્કસ ગયો હતો પરંતુ માલિક(અલ્લાહ)ની મહેરબાની કે, મને બસ ભગાડવાની બુધ્ધિ સુઝાડી અને મેં આંતકીઓના અંધાધૂંધ ફાયરીંગ વચ્ચે પૂરઝડપે બસ હંકાર્યે રાખી હતી અને બે કિલોમીટર દૂર આર્મી કેમ્પ પહોંચી બસ રોકી હતી, તેઓને જાણ કરી હતી. જો આંતકીઓના હુમલા વખતે હિંમત હારી કદાચ બસ ઉભી રાખી દીધી હોત તો, બસમાં બેઠેલો એક પણ શ્રધ્ધાળુ યાત્રિક બચત નહી, હું પોતે પણ ના બચત....આ શબ્દો અનંતનાગ ખાતે ગુજરાતી યાત્રાળુઓની બસ પર થયેલા

● અનુસંધાન પાન-૭ પર




## ગોપાલ ગાંધી વિપક્ષના ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવાર



**સોનિયા ગાંધીના નેતૃત્વમાં બેઠકમાં નિર્ણય : અંતે ૧૮ પાર્ટીઓએ મહાત્મા ગાંધીના પૌત્ર ગોપાલકૃષ્ણ ગાંધીને ઉમેદવાર બનાવવા મંજુરી આપી હોવાનો દાવો**

નવીદિલ્હી, તા.૧૧

પશ્ચિમ બંગાળના પૂર્વ ગવર્નર અને મહાત્મા ગાંધીના પૌત્ર ગોપાલકૃષ્ણ ગાંધીને કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષી દળોએ ઉપરાષ્ટ્રપતિ પદ માટે પોતાના ઉમેદવાર બનાવવાનો નિર્ણય કર્યો છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના


● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### કેનાલને પ્રાથમિકતા આપવા સુપ્રિમનો આદેશ

સતલુજ-યમુના લીંક કેનાલ સંદર્ભે સુપ્રિમ કોર્ટમાં ચાલી રહેલા કેસમાં સુપ્રિમ કોર્ટે પંજાબ અને હરિયાણાને સૌપ્રથમ કેનાલ બાંધવા આદેશ કર્યો છે. આ કેસની વધુ સુનવણી આગામી ૭મી સપ્ટેમ્બરે યોજાશે.

### જાણીતા કાર્ટુનીસ્ટ મંગેશ તેંડુલકરનુ અવસાન



જાણીતા કાર્ટુનીસ્ટ મંગેશ તેંડુલકરનુ અવસાન થયું છે. તેઓ ૮૩ વર્ષના હતા.

### તેજસ્વી યાદવનો જેડીયુનુ અલ્ટીમેટમ



લાલુપુત્ર અને બિહારના ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવને ચાર દિવસમાં દરોડાઓ અંગે સ્પષ્ટતા કરવા જેડીયુ દ્વારા અલ્ટીમેટમ અપાયુ છે. સુત્રો અનુસાર ચાર દિવસમાં મુખ્યમંત્રી નીતિશકુમાર ચોંકાવનારો નિર્ણય કરી શકે છે.

### કાનપુર, વારાણસી, આગરા અને ગોરખપુરમાં મેટ્રો ટ્રેન દોડશે

લખનૌ,તા. ૧૧

કાનપુર, વારાણસી, આગરા અને ગોરખપુરમાં મેટ્રો ટ્રેન ચલાવવાની યોજના તૈયાર કરવામાં આવી છે. મેટ્રો રેલ યોજના માટે ૨૮૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. પ્રધાનમંત્રી શહેરી આવાસ યોજના માટે ૩૦૦૦ કરોડ રૂપિયાની વ્યવસ્થા કરવામાં આવી છે જ્યારે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) માટે ૪૫૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. દિનદયાળ ઉપાધ્યાય નગર વિકાસ યોજના માટે ૩૦૦ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મલીન વસતી વિકાસ યોજના માટે પણ જંગી ફાળવણી કરાઈ છે. પૂર્વાંચલના વિકાસના હેતુથી બનાવવામાં આવેલી ખાસ યોજનાઓ માટે ૩૦૦ કરોડ રૂપિયાનું બજેટ રાખવામાં આવ્યું છે. બુંદેલખંડની યોજના માટે ૨૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન માટે ૫૫૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.


**ફ્લેટ વેચવાનો છે**

લેન્ડમાર્ક હાર્મની એપાર્ટમેન્ટ, બ્લોક નં. ડી, ફ્લેટ નં. ૧૦૪ (પ્રથમ માળ), ફેસ-૧૪૯ ચો.વાર, 2-BHK, ફુલ ફર્નિચર, એ.સી. સાથે

સરનામું

શાન્તમ પાર્ટી પ્લોટની બાજુમાં, ખ-રોડ, સરગાસણ ચોકડી, ગાંધીનગર

: સંપર્ક :

મો. ૮૪૦૧૦૩૭૭૭૮ મો. ૭૯૮૪૩૭૮૪૭૩ પ્રણવસિંહ ચાવડા

મો. ૯૭૩૭૪૯૧૩૦૪ દિલીપસિંહ ચાવડા

**શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર**
**ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ**

ગાંધીનગર અને ગાંધીનગર જીલ્લામાં વસતા રાજપૂત ભાઈઓના તેજસ્વી વિદ્યાર્થીઓ અને વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ રાજપૂત ભાઈ-બહેનોને સન્માનવાનો એક કાર્યક્રમ તા. ૬/૮/૨૦૧૭ને રવિવારે બપોરે ૨-૦૦ કલાકે રાખવાનો હોવાથી ધો.૧ થી ૧૨, સ્નાતક, અનુસ્નાતક વિદ્યાર્થીઓની માર્કશીટોની પ્રમાણિત નકલ, મોબાઈલ નંબર સહિત શ્રી રાજપૂત સમાજ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે તા. ૨૬/૭/૨૦૧૭ સુધીમાં આપી જવા જણાવવામાં આવે છે.

પ્રમુખશ્રી,

ડો. શંકરસિંહજી રાણા — શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર

શ્રી વિક્રમસિંહજી ગોલ — ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ

**જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ**



ફ્રી કેમ્પ દર ગુરૂવારે

જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર

હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે: ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧

સૌજન્ય : SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

**કચ્છનો મેવો ખારેક**

કચ્છના ખેડૂતો દ્વારા વેચાણ ચાલુ છે

કૃષિભવનની પાછળ, સેક્ટર-૧૦, ગાંધીનગર

મિનાક્ષી જ્વેલર્સ C/o સખી....રી-૨૭ વર્ષની અનુભવી પેઢી

*આજદીન સુધીની ઠગલાબંધ સ્કીમોની સફળતાઓને ધ્યાનમાં રાખીને*

આ વર્ષે પણ નવી એક સ્કીમ રજુ કરી રહ્યા છીએ

પહેલો ડ્રો ૩૧ જુલાઈના રોજ કરવામાં આવશે.

જુજ સભ્યો લેવાના બાકી છે.

દર માસે રૂા. ૧૦૦૦ ભરીને વસાવો

સોનાની ૧૦ ગ્રામની લગડી ૯૯૯ (શુધ્ધ સોનાની)



બીલ ટેક્સ સાથે મળશે + પાનકાર્ડ જરૂરી

વધુ માહિતી માટે ફક્ત Missed Call કરો 94263 85263

સમય-સવારે ૯:૩૦ થી રાત્રે ૭:૩૦ સુધી ★ દર સોમવારે ચાલુ અને દર રવિવારે રજા રહેશે

**ધનશ્યામ જ્વેલરી પ્રા.લિ.**

સુરભી કોમ્પલેક્ષ, ઘ-૫ સર્કલ નજીક, સેક્ટર- ૨૨, ગાંધીનગર

ઓફીસ ફોન નં. - 232 46063, - 94087 77566




આકર્ષક એક્ષચેન્જ બેનિફીટ | ૧૦૦% ઓન-રોડ ફાઈનાન્સ | ખાસ ઓફર સરકારી અને કોર્પોરેટ કર્મચારીઓ માટે

| બેનિફીટ | Eon | Grand i10 | Xcent | Elite i20 | i20 Active | Verna | Santa Fe |
|---|---|---|---|---|---|---|---|
| | ₹35,000* | ₹67,941* (P) | ₹56,160* (P) | ₹42,907* (P) | ₹50,912* (P) | ₹1,64,362* (P) | ₹6,81,556* (P) |
| | | ₹70,983* (D) | ₹60,946* (D) | ₹44,415* (D) | ₹51,806* (D) | ₹1,73,083* (D) | |

• Book your Hyundai car online at https://bookonline.hyundai.co.in
• For more details, give a missed call on 08033506034

Lowest cost of maintenance.

Special offer for Govt. employees (retired & serving) up to 10,000* • Exclusive offer for corporates and doctors.
Hyundai is now available at DGS&D & CSD/CPC, contact us at ajitrana@hmil.net • For more details, give a missed call on 0804

HYUNDAI

PRIDE OF India | Exclusive offer for Govt.Employees | PROMISE | SMS Hyundai to 56677, for Test Drive | 24x7 Road Assist. 1800 102 4645, 0124 256 4645 | To know more SMS "Hyundai <space> Win" to 56677 Special offers for rural customers on Eon, i10, Grand (D) and Xcent.

Complete peace of mind with 1230 nationwide service outlets and 976 sales points across 714 cities.

For any bulk/corporate inquiry kindly contact at anujsirohi@hmil.net

**PUNJAB HYUNDAI - Ph.: 78200 03300**

Plot No. 1004/A, Sector 28, GIDC, Opp. DSP Office, Gandhinagar | 2/5, Umiya Tirth Ville, Nr. Gayatri Mandir, Mahesana Highway, KALOL. M.: 98250 12126 | Nr. Atithi Hotel, Opp. Ashirwad Hospital, DEHGAM. M.: 99250 42700